
બા- બાપુ ૧૫૦

# ગુજરાત વિદ્યાપીઠ શતાબ્દી મહોત્સવ



## મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરા

## ૧૮ ઓક્ટોબર ૨૦૧૯ થી ૧૮ ઓક્ટોબર ૨૦20

પ્રવૃત્તિ દર્પણ: મે - ૨૦૨૦

**સંપાદક**

પ્રા. રમેશભાઈ પટેલ

સંયોજક

પરામર્શન

ડૉ. નયનેશ વસાવા

ચિત્ર ગોઠવણી અને લખાણ

શ્રી વિશાલ માંગરોલીયા







**પ્રવૃત્તિ** : ગ્રામસેવા

**કાર્ય** : શ્રી જક્ષણી અન્નપૂર્ણ કેન્દ્રમાં બનાવેલ બાવન વૃદ્ધો માટે ૨૦૦ ફૂડ પેકેટનું વિતરણ કરવું.

**કાર્યકર્તા** : શૈલેષભાઈ શાહ, કનુભાઈ ગોસ્વામી, પ્રદીપભાઈ રાઓલ અને આશવભાઈ શાહ

**માર્ગદર્શક** : પ્રા. રમેશભાઈ પટેલ

**સ્થળ** : રાહોલબા વૃદ્ધાશ્રમ, મગોડી ગામ તા.જિ. ગાંધીનગર

**તારીખ** : ૧-૫-૨૦૨૦



**પ્રવૃત્તિ** : ગ્રામસેવા

**કાર્ય** : બાવન વૃદ્ધોનું થર્મલ સ્કેનીંગ કરી વધુ ઉષ્ણતામાન વાળા વૃદ્ધોને સારવાર આપવાનું માર્ગદર્શન આપી કોરોના વાયરસ અંગેની તપાસ હાથ ધરાઈ.

**કાર્યકર્તા** : ડૉ. નયનેશ વસાવા

**માર્ગદર્શક** : પ્રા. રમેશભાઈ પટેલ

**સ્થળ** : રાહોલબા વૃદ્ધાશ્રમ, મગોડી ગામ તા.જિ. ગાંધીનગર

**તારીખ** : ૧-૫-૨૦૨૦



પ્રવૃત્તિ : સંકુલ વિકાસ


કાર્ય : વિદ્યાર્થીઓ ખુલ્લામાં બેસી શકે તે માટે ૪૦ ફૂટ લાંબી વિદ્યાર્થી બેઠક વ્યવસ્થ કરી.

કાર્યકર્તા : પ્રદીપભાઈ રાઓલ, ભરતભાઈ રાવળ, સુરેશભાઈ રાવળ, મેહુલભાઈ રાવળ, જેન્તીભાઈ, ગોરધનભાઈ, મહેન્દ્રભાઈ, બળદેવભાઇ રાઠોડ દ્વારા મદદરૂપ થયા.

માર્ગદર્શક : પ્રા. રમેશભાઈ પટેલ

સ્થળ : હિંચકા બાગ

તારીખ : ૨-૫-૨૦૨૦



(૩)

૨) શાકભાજી ની લારી ઓ પાસે જઈ શાકભાજી ની ખરીદી ના કરીએ સાંપ્રતસમયમાં કોરોના વાયરસના વાહકો તે હોઈ શકે છે ફેરીઆના કારણે. આનો પણ સરળ ઉપાય છે શાકભાજી વગરનું પૌષ્ટિક ભોજન લો. પોષણ યુક્ત, સાદો, સુપાચ્ય, કુદરતી ઉપચાર સાથેનો ખોરાક બનાવો જેમાં અનાજ, કઠોળ, તેલીબીયાં, દૂધ, છાશ, આપણા ઘરમાં હોય ત્યાં સુધી ઉપયોગ કરી ઘર બહાર જવાનું ટાળી શકીએ છીએ. સામાન્ય આહાર પત્રક જોઈએ.

| વાર | સવાર નાસ્તો | બપોરનું ભોજન | સાંજનું ભોજન |
|---|---|---|---|
| રવિ | ફણગાવેલા મઠ ચા અથવા દૂધ | દાળ ઢોકળી, ભાત છાશ | મસાલા ભાખરી દહીં અથવા દૂધ |
| સોમ | શેકેલા પાપડ ચા અથવા દૂધ | મગ, રોટલો, છાશ | ઉપમા |
| મંગળ | પૌંઆ ચા અથવા દૂધ | તુવર, ભાત રોટલી | થેપલાં દૂધ અથવા છાશ |
| બુધ | ફણગાવેલા મગ ચા અથવા દૂધ | [illegible] રેઢમી, દાળ, ભાત | મૂઠીયાં દૂધ અથવા છાશ |
| ગુરુ | થુલી અથવા ઉપમા, ચા. | મગની છુટી દાળ રોટલા, છાશ | વઘારેલી ખીચડી દૂધ અથવા છાશ |
| શુક્ર | ફણગાવેલા ચણા ચા અથવા દૂધ | પુલાવ, કઢી, રોટલી | દલીયા છાશ |
| શનિ | બાજરી રોટલો અથવા ભાખરી, ચા. | ઘેંસ, મગનું છુટું સાથે લાપું | ઢોકળાં અથવા હાંડવો |

ઘરમાં શીંગદાણા, તલ પડ્યા હોય તો જરૂર આહાર[illegible] નાખીને સ્વાદિષ્ટ ભોજન બનાવી શકાય. ઘર આંગણે

--- ૪ --.

પ્રવૃત્તિ : વિસ્તરણ પ્રવૃત્તિ

કાર્ય : કોરોના વાયરસ સંક્રમિત ફેરીયાઓ લારી ઉપરથી શાકભાજી કે વસ્તુઓ ખરીદી કરવી નહિ.

વિકલ્પ : ઘરમાં સંગ્રહ કરેલ કઠોળ અને તેલિબિયાના દાણાનો ઉપયોગ કરવો જેનું અઠવાડિક આહાર આયોજનની અમલવારી.

માર્ગદર્શક : પ્રા. રમેશભાઈ પટેલ

સ્થળ : લોકડાઉનમાં ઘેર બેઠા બેઠા- ગાંધીનગર

તારીખ : ૩-૫-૨૦૨૦




પ્રવૃત્તિ : ગ્રામ સેવા

કાર્ય : રાહોલબા વૃદ્ધાશ્રમના ૫૫ વૃદ્ધોને અન્નદાન કરાવવું જેમાં ૫૦ કિગ્રા. ખાંડ, ૩૦ કિગ્રા તુવેરદાળ, ૩૦ કિગ્રા મગદાળ અને તેલના ડબ્બા - ૨ આપવા.

કાર્યકર્તા : સર્વોદય પરિવાર ટ્રસ્ટ- અમદાવાદ ટ્રસ્ટી શ્રી. શૈલેષભાઈ શાહ- સાદરા સ્વયમ સેવક શ્રી કનુભાઈ ગોસ્વામી, બિન્દેશ મોદી, અલ્પેશ સોની, પ્રદીપભાઈ રાઓલ

માર્ગદર્શક : પ્રા. રમેશભાઈ પટેલ

સ્થળ : રાહોલબા વૃદ્ધાશ્રમ

તારીખ : ૬-૫-૨૦૨૦



પ્રવૃત્તિ : સંકુલ વિકાસ

કાર્ય : ગાયો બાંધવાની શેડમાં ભોયતળીયામાં ખાડા પડ્યા હોવાથી લોકડાઉનમાં શ્રમયોગી ન મળતા સંકુલના સિક્યુરીટી સેવકો દ્વારા સિમેન્ટ કાકરીથી ખાડા પૂર્યા

કાર્યકર્તા : સિક્યુરીટી સેવકો

માર્ગદર્શક : પ્રા. રમેશભાઈ પટેલ

સ્થળ : ગોં-સવર્ધન કેન્દ્ર

તારીખ : ૭-૫-૨૦૨૦




પ્રવૃત્તિ : લોકડાઉનમાં ઘેર બેઠેલા વિદ્યાર્થીઓની સ્પર્ધામાં સહભાગીતા

સ્પર્ધા : કાવ્ય રચના, ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા

ભાગલેનાર : પૂજાબેન, દિશાબેન, દ્રષ્ટીબેન

માર્ગદર્શક : પ્રા. રમેશભાઈ પટેલ

તારીખ : ૯-૫-૨૦૨૦



પ્રવૃત્તિ : આરોગ્ય સેતૂ એપનો ઉપયોગ સંકુલના સૌ સેવકો ઉપયોગ કરી કોરોના વાયરસ સંક્રમણથી સજાગ બને

માર્ગદર્શક : ડૉ. નયનેશ વસાવા

સ્થળ : મ.દે. ગ્રામસેવા સંકુલ, સાદરા

તારીખ : ૧૧-૫-૨૦૨૦

## સંકુલમાં કરવાના પર્યાવરણ કાર્યો

માત્ર આ વર્ષ પુરતા બાગાયતી વૃક્ષો છોડ લાવી ફળછોડ ઉછેર કરવા તેમજ *ઔષધિક* વનસ્પતિ વાવવી જેમાં નીચે મુજબ આયોજન કરવામાં આવ્યું છે.

૧૦૦ આંબા  ૧૦૦ આમળા

૧૦૦ શેતુર ૧૦૦ ફાલસા

૧૦૦ કરમદા ૧૦૦ સીતાફળ

### શોપીશ છોડ

૨ શિવજટા, ૨ પામ, ૧૦ વાંસ

### ઔષધ છોડ

૧૫૦ તુલસી, ૧૫૦ ડમરો, ૧૫૦ અરડુસી, ૧૫૦ એલોવેરા, ૧૫૦  અરીઠા

### ફૂલછોડ

૧૫૦ ગલગોટા, ૧૫૦ મોગરો, ૧૫૦ બારમાસી, ૧૫૦ જાસુદ

આયોજન:  પ્રા. રમેશભાઈ પટેલ

સ્થળ: સંકુલના પડતર પડી રહેલી જગ્યામાં




પ્રવૃત્તિ : નિદામણ કાઢવું

કાર્ય : વિસ્તરણ નિયામક ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણીના માર્ગદર્શનથી વાવેલ છોડમાં નિદામણ કાઢી છોડનો ક્યારો ચોખ્ખો કરવો

કાર્યકર્તા : પ્રા. રમેશભાઈ પટેલ

સ્થળ : ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી સ્મૂતી બાગ

તારીખ : ૧૫-૫-૨૦૨૦



પ્રવૃત્તિ : ગાયનું વિયાણ થવું
ગાયાનું નામ : દૂધ મહાસાગર
વેતર : ત્રીજું
સ્થળ : ગૌં-સવર્ધન કેન્દ્ર
જન્મ : એચ.એફ. ૫૦% વાછરડો
તારીખ : ૧૫-૫-૨૦૨૦



પ્રવૃત્તિ : લોકડાઉન વખતે ગૃહ ઉદ્યોગ કાર્ય
કાર્યકર્તા : વસંતબેન વાણીયા
સ્થળ : ગાંધી ખાદી ગૃહ ઉદ્યોગ કેન્દ્ર
તારીખ : ૧૯-૫-૨૦૨૦




**પ્રવૃત્તિ** : પિયત કરવું

**કાર્ય** : જુવાર વાવેતર માટે ગાળવાણ કરતા શ્રમજીવીને થોડો સમય મદદરૂપ થવું.

**કાર્યકર્તા** : પ્રા. રમેશભાઈ પટેલ, ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા

**સ્થળ** : ગોં-સવર્ધન કેન્દ્રના ઘાસચારા ખેતર

**તારીખ** : ૨૦-૫-૨૦૨૦




**પ્રવૃત્તિ** : વિડીયો કોન્ફરન્સ

**માધ્યમ** : ઝૂમ એપ્લીકેશન

**વિષય** : કોરોના યોદ્ધાઓને આવકાર

**સ્થળ** : કોમ્પ્યુટર વિભાગ

**ગોઠવણી** : શ્રી વિશાલ માંગરોલીયા

**તારીખ** : ૨૧-૫-૨૦૨૦










પ્રવૃત્તિ : રોગ પ્રતિકારક શક્તિ વધારવાની ઝૂબેશ

વિષય : દરરોજ વીસ મિનીટ પ્રાણાયામ કરો

જૂથ : સંકુલના સેવક ભાઈ- બહેનો

સ્થળ : સંકુલના પ્રાંગણમાં

માર્ગદર્શક : પ્રા. રમેશભાઈ પટેલ

તારીખ : ૨૨-૫-૨૦૨૦



પ્રવૃત્તિ : શોકસભા

વિષય : કિરીટભાઈ વિદ્યાર્થીનું અકસ્માતથી મૃત્યુ થયું હોવાથી કુલનાયકશ્રી કુલસચિવ શ્રી નિયામકશ્રી સાથે વાતચીત કરી

સ્વર્ગવાસ : સ્વ. કિરીટભાઈ અભેસિંહ

ગામ : ધોળાદાતા ફળિયું તા. ગરબાડા, જિ. દાહોદ

આયોજન : શ્રી મોહનભાઈ પટેલ

તારીખ : ૨૩-૫-૨૦૨૦





પ્રવૃત્તિ : હાથ સફાઈની રીત

કાર્ય : કોરોના વાયરસ સંક્રમણથી બચવા સેવકોના પરિવારના સભ્યોએ હાથ ધોવાની રીત શીખવી

સ્થળ : સંકુલના પ્રાંગણમાં

માર્ગદર્શક : ડૉ. નયનેશ વસાવા

તારીખ : ૨૯-૫-૨૦૨૦



પ્રવૃત્તિ : મુલાકાત

કાર્ય : અરડુસાના વૃક્ષની  ગણત્રી અને વેચાણ માટે ભાવ લેવા

મુલાકાતી : પ્રા. રમેશભાઈ પટેલ, શ્રી. બળદેવભાઇ રાઠોડ, શ્રી.પ્રદીપભાઈ રાઓલ

સ્થળ : નર્મદા વન

તારીખ : ૩૦-૫-૨૦૨૦





**પ્રવૃત્તિ** : સેનિટાઇઝેસનની વ્યવસ્થા

**કાર્ય** : પરિસરમાં આવેલ ગ્રંથાલય, મહાવિદ્યાલયને સંપૂર્ણ ચેપરહિત બનાવવામાં આવ્યું

**કાર્યકર્તા** : સિક્યુરીટી સેવકો

**આયોજન** : ડૉ. નયનેશ વસાવા

**સ્થળ** : સંકુલ

**તારીખ** : મહિના દરમ્યાન પ્રત્યેક સોમવાર



પ્રવૃત્તિ : સફાઈ અને સ્વચ્છતા

કાર્ય : ઉંદર અને ખિસકોલીથી કોતરી ખાધેલ પતરા નીચેના આવરણનો પડેલો કચરો એકઠો કરી નિકાલ કરવો

કાર્યકર્તા : વસંતબેન વાણીયા

સ્થળ : ગાંધી ખાદી ગ્રામ ઉદ્યોગ

તારીખ : ૨૬-૦૫-૨૦૨૦




પ્રવૃત્તિ : ઝાંખા થઇ ગયેલ બોર્ડ બનાવવા

કાર્ય : લોકડાઉન પહેલા બોર્ડ બનાવવાની કામગીરી ચાલતી હતી તે લોકડાઉનમાં બંધ હતી. અધૂરા બોર્ડ બનાવડાવ્યા

ચિત્રકાર : શ્રી તૂષારભાઈ જોષી

સ્થળ : સંકુલના બધાજ વિભાગોમાં

તારીખ : ૨૭-૦૫-૨૦૨૦

# કોરોના વાયરસ પ્રતિકારની અગમચેતી માટે થર્મલ સ્કેનીંગનું કાર્ય હાથ ધરાયું

**સાદરામાં સર્વોદય પરિવાર**

ટ્રસ્ટ દ્વારા દરરોજ ૩૫૦૦ ફૂડપેકેટ બનાવવાની કામગીરી પુરઝડપે ચાલી રહી છે. ફૂડપેકેટ બનાવનાર કામદારો કોરોના વાયરસના સંક્રમિત છે કે નહિ તે માટે કોરોના વાયરસને હરાવવા માટે અગમચેતીના ભાગરૂપે ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના તબીબી અધિકારી ડૉ. નયનેશ વસાવા દ્વારા થર્મલ સ્કેનીંગ કરવામાં આવ્યું અને ભારત સરકારના નિયમોનું પાલન કરી દરેક કામદારોએ માસ્ક પહેરી સામાજિક દૂરી જાળવી આ અન્નદાનનું સામાજિક કાર્ય કરવાનું માર્ગદર્શન આપવામાં આવ્યુ.

# મગોડી ગામમાં ચાલતા રાહેલબા વૃદ્ધાશ્રમની નિઃસ્વાર્થ સેવા જોવા જેવી છે



ગાંધીનગર, તા. ૪

નિર્મળ સેવા ટ્રસ્ટ સંચાલિત ગાંધીનગર તાલુકાના મગોડી ગામમાં ચાલતા રાહેલબા વૃદ્ધાશ્રમમાં ૫૫ વૃદ્ધોને રાખી, વિનામૂલ્યે ભરણપોષણ કરી, રહેવા-જમવાની અને સ્વચ્છતા જાળવવાની કાળજી પ્રમુખ નિર્મળા બહેન દ્વારા લેવાઈ રહી છે. માનસિક બિમારીથી પીડાતા અશક્ત વૃદ્ધોને આસરો આપવો તે આ રાહેલબા વૃદ્ધાશ્રમની ખાસિયત છે.

આ વૃદ્ધોની સંભાળ તેમના કુટુંબના દીકરા-દીકરીઓ કયારેય લેવા માટે આવતા નથી, એટલે કે જેને કોઈના સંઘરે તેને રાહેલબા વૃદ્ધાશ્રમ સંઘરે તેવા વૃદ્ધાશ્રમની મુલાકાત ચિલોડા ગામના પત્રકાર નટુભાઈ પટેલના માર્ગદર્શનની મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ સાદરાના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલ અને ડૉ. નયનેશ વસાવાએ મુલાકાત લીધી હતી. સાથે શ્રી જક્ષણી અન્નપૂર્ણા કેન્દ્ર - સાદરા અને સર્વોદય ટ્રસ્ટના સહયોગથી ૨૦૦ ફૂટ પેકેટનું વિતરણ શૈલેષભાઈ શાહ, કનુભાઈ ગોસ્વામી, પ્રદીપ રાઉલ અને આશવભાઈ શાહના હસ્તે કરવામાં આવ્યું. જે બે દિવસના ભોજનની વ્યવસ્થા ગોઠવાઈ.

રાહેલબા વૃદ્ધાશ્રમની નિઃસ્વાર્થ સેવા જોવાથી જક્ષણી અન્નપૂર્ણા કેન્દ્રના ટ્રસ્ટી કનુભાઈ ગોસ્વામી દ્વારા હવે પછીના દિવસોમાં અન્નદાન કરવાની ભાવના વ્યક્ત કરી હતી.

**વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, સાદરા દ્વારા**

# કોરોનાના સંદર્ભે રાખવામાં આવતી કાળજી અંગે વિદ્યાર્થીઓ સાથે પરિસંવાદ



ચિલોડા, તા. ૨૨

૨૨મી મે, ૨૦૨૦ના રોજ સેવક મિત્રો માટે ઉપાસના દરમિયાન કોરોનાની પરિવારને કેવી રીતે બચાવવા અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં સેવકોને રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે લેવાના થતા પગલાનું સૂચન કર્યું હતું. જે સંદર્ભે યોગ તેમજ પ્રાણાયામ કરવાનું માટેનું પ્રાયોગિક કર્યું.

ત્યારબાદ સવારે ૧૦ થી ૧૧ કલાકે વિદ્યાલયમાં ભણતા વિદ્યાર્થીઓ જેઓ પોતાના ઘરે છે. તેમની સાથે કોરોનાથી પરિવારને કેવી રીતે બચાવવા અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે લેવાના થતા પગલાનું સૂચન કર્યું હતું. વિદ્યાર્થીઓ સાથે ઝૂમ એપ્લીકેશન દ્વારા ૪૫ વિદ્યાર્થીઓ જોડાયા હતા.



ગાંધીનગર| ગ્રામ સેવા સંકુલ, સાદરામાં સેવકોને પ્રાણાયામ કરાવાયા.

# આભાર